# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-08-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પ્રધનમંત્રી : કર્તવ્ય ભવન – 3 નું ઉદ્દઘાટન

મપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, છેલ્લા 11 વર્ષમાં દેશમાં પારદર્શક, સંવેદનશીલ અને નાગરિક કેન્દ્રિત પ્રણાલી વિકસિત થઈ છે. નવી દિલ્હીમાં કર્તવ્ય પથ ખાતે કર્તવ્ય ભવન-3ના ઉદ્ઘાટન બાદ એક જાહેર કાર્યક્રમને સંબોધતા શ્રી મોદી કહ્યું, કર્તવ્ય ભવન માત્ર એક ઇમારત નહીં, તે કરોડો દેશવાસીઓના સપનાને સાકાર કરવાની તપોભૂમિ છે. તેમણે ઉમેર્યું દેશનો કોઈ પણ વિસ્તાર આજે વિકાસની ધારાથી વંચિત નથી.

**------------------------------------------------------------------------------------------------**

## OTT પ્લેટફોર્મ બ્લોક કરાયા

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું વાંધાજનક સામગ્રી પ્રદર્શિત કરવા બદલ 43 OTT પ્લેટફોર્મને બ્લોક કરાયા છે. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું, કેન્દ્ર સરકારે OTT પ્લેટફોર્મ પર હાનિકારક સામગ્રીની નકારાત્મક અસરો સામે માહિતી ટેકનોલોજી નિયમો, 2021 ને સૂચિત કર્યા છે. તેમણે કહ્યું કે, આ નિયમો હેઠળ, OTT પ્લેટફોર્મ કાયદા દ્વારા પ્રતિબંધિત કોઈપણ સામગ્રીનું પ્રસારણ ન કરવા માટે બંધાયેલા છે.

**------------------------------------------------------------------------------------------------**

## શૈક્ષણિક-બિનશૈક્ષણિક ફિક્સ પગારના કર્મચારીઓને રજા અંગે નિર્ણય

રાજ્યની 357 અનુદાનિત સંસ્થાઓના એક હજાર 282 શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક ફિક્સ પગારના કર્મચારીઓને 20 દિવસની મેડિકલ રજા અને 15 વિશેષ રજા મળશે. રાજ્ય સરકારના

આ નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, આ નિર્ણયથી રાજ્યની બિન-સરકારી અનુદાનિત મહાવિદ્યાલયોના એક હજાર 167 શૈક્ષણિક અને 115 બિન-શૈક્ષણિક કર્મચારીઓને લાભ થશે.

------------------------------------------------------------------------------------------------

## હર ઘર તિરંગા કાર્યક્રમ અંગે સમીક્ષા બેઠક

જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લામાં આગામી સમયમાં યોજાનારા હર ઘર તિરંગા કાર્યક્રમના આયોજનને લઈને સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને ગ્રામ્યથી લઈને જિલ્લાકક્ષા સુધી તિરંગા યાત્રા યોજાય તે બાબતે જિલ્લા કલેક્ટરે માર્ગદર્શન પુરું પડાયું હતું. તિરંગા યાત્રા સાથે જ શાળા કોલેજમાં ક્વિઝ, વકતૃત્વ અને રાખી મેકિંગ સહિતની સ્પર્ધાઓનું આયોજન કરવા તેમજ હર ઘર તિરંગા અભિયાનમાં નાગરિકો મહત્તમ સંખ્યામાં જોડાઈ તે રીતે જનભાગીદારીથી આયોજન કરવા, હર ઘર તિરંગા અભિયાન વિવિધ કાર્યક્રમોમાં જિલ્લાના ચૂંટાયેલા પદાધિકારીઓ, સરકારી સંસ્થાઓ, કચ્છમાં સ્થિત વિવિધ લશ્કરી પાંખોના યુનિટ, સ્વૈચ્છિક સંસ્થાઓ, એનજીઓ, સામાજિક સંસ્થાઓને સાથે રાખવા જણાવ્યું હતું. આ વખતે હર ઘર તિરંગા અભિયાનની થીમ સ્વચ્છતા સાથે સંકળાયેલી હોય ગામડાઓ અને શહેરોના રસ્તાઓની સફાઈના આયોજન અંગે સૂચના આપી હતી.

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તા.૬ થી તા.૧૫ મી ઓગસ્ટને સ્વતંત્રતા સપ્તાહ તરીકે ઉજવવામાં આવશે. જિલ્લાકક્ષાની તિરંગા યાત્રા આગામી ૧૨ મીએ સવારે ૮ વાગ્યાથી જ્યુબિલી ગ્રાઉન્ડથી હમીરસર તળાવ સુધી યોજાશે. આ વર્ષે  હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણીની થીમ હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા: સ્વતંત્રતા કા ઉત્સવ સ્વચ્છતા કે સંગ" રાખવામાં આવી છે.

------------------------------------------------------------------------------------------------

## ‘નારી વંદન ઉત્સવ’ અંતર્ગત સેમિનાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા "નારી વંદન ઉત્સવ" ના ભાગરુપે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ ૨૦૧૩ અંગે જાગૃતિ સેમિનારનું આયોજન કલેક્ટર કચેરી ખાતે કરવામાં આવ્યું હતુ. આ જાગૃતિ સેમિનારમાં ભુજ શહેરમાં સરકારી વિભાગોમાં કામ કરતાં મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સેમિનારમાં જાણીતા કાયદા નિષ્ણાંત સુ.શ્રી માલશ્રીબેન ગઢવીએ કાયદાની વિવિધ જોગવાઈઓ વિષે સમજ આપી હતી. આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન દવે દ્વારા સી બોક્સ પોર્ટલ પર ફરિયાદ નોંધવાની પ્રક્રિયા અંગે વિગતવાર સમજ અપાઇ હતી. ત્યાર બાદ "પ્રતિકાર" શોર્ટ મુવી દર્શાવવામાં આવી તથા આ કાયદા અંગે પ્રશ્નોતરી કરવામાં આવી હતી.

---

## સંસ્કૃત સંભારણ દિવસની ઉજવણી

રાજ્યભરના તમામ જિલ્લામાં આગામી 12 ઑગસ્ટ સુધી સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરાશે. તે અંતર્ગત આજે સમગ્ર જિલ્લાની વિવિધ કચેરીઓ અને શાળાઓમાં, મહાશાળાઓમાં 'સંસ્કૃત સંભારણ દિવસ'ની ઉજવણી થનાર છે જે અંતર્ગત વિવિધ સંસ્કૃત વિષયક સ્પર્ધાઓ તેમજ શુભેચ્છા સંદેશાઓની સંસ્કૃતમાં આપ-લે થાય અને વાતાવરણ સંસ્કૃતમય બની રહેશે.

---

## ભૂકંપ

છેલ્લા કેટલાક સમયથી કચ્છમાં વધેલા ભૂકંપના આંચકાઓના સિલસિલા વચ્ચે ગઈકાલે સાંજે ૮ વાગીને ૧૩ મિનિટે ફરી એક આંચકો નોંધાયો હતો. પૂર્વ કચ્છમાં ધોળાવીરાથી ઉત્તર ઉત્તર પશ્ચિમ દિશામાં ૧૦૦ કિલોમીટરના અંતરે કેન્દ્રબિંદુ ધરાવતા આ આંચકાની તીવ્રતા ૨.૫ ની હોવાનું ગાંધીનગર સ્થિત સિસમોલોજિકલ રિસર્ચ સેન્ટરે નોંધ્યું હતું.

---

## લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાના ગુણ જાહેર

રાજ્યમાં ગત 15 જૂને લેવાયેલી લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાના ગુણ જાહેર કરાયા છે. ઉમેદવારો ભરતી બૉર્ડની વૅબસાઈટ GPRB.GUJARAT.GOV.IN તથા LRDGUJARAT2021.IN ઉપર આ ગુણ જોઈ શકે છે.

ગુણ ચકાસણી એટલે કે રિ-ચેકિંગ કરાવવા માગતા હોય તેવા ઉમેદવારો આગામી 21 ઑગસ્ટ સુધીમાં રૂબરૂ અથવા સ્પીડ પૉસ્ટ કે કુરિયર દ્વારા પોતાની અરજી ગાંધીનગરની ગુજરાત પોલીસ ભરતી બૉર્ડની કચેરી ખાતે મોકલી શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---